# વેબ ડિઝાઈનર

વેબ ડિઝાઈનર ગ્રાહકોને તેમની ઈચ્છિત માહિતીઓ સુધી પહોંચ પ્રદાન કરવા માટે વેબસાઈટ્સને ઈન્ટરેક્ટિવ, ગતિશીલ, આકર્ષક બનાવવા માટે જવાબદાર છે. વેબ ડિઝાઈનર વેબસાઈટ અથવા વેબ પેઈજની ડિઝાઈન અને લેઆઉટ બનાવવા માટે જવાબદાર છે. વેબ ડિઝાઈનર્સ તદ્દન નવી વેબસાઈટ પર કામ કરી શકે છે અથવા પહેલેથી અસ્તિત્વમાં રહેલી સાઈટને અપડેટ કરી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં કુશળ છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે




આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૧૯,૦૦૦ થી ૨,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત).

૨. મલ્ટીમીડિયા અને વેબ ડિઝાઈનમાં B.Sc. / BAની સ્નાતકની ડિગ્રી કરી શકો છો. ત્યારબાદ ઈ-કોમર્સ અને વેબ ડિઝાઈનમાં M.Sc. / MA અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરી, તમારી પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી વેબ ડિઝાઈનમાં PG Diploma પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વેબ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૦,૦૦૦ થી ૬૨,૪૧૬*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Web_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સોફ્ટવેર કંપનીઓ, આઈટી કન્સલ્ટન્સી, નિષ્ણાત વેબ ડિઝાઈન કંપનીઓ, મોટી કોર્પોરેટ સંસ્થાઓ અને કમ્પ્યૂટર સિસ્ટમ્સનો ઉપયોગ કરતી કોઈપણ સંસ્થામાં.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની વેબ ડિઝાઇનિંગ કંપની પણ શરૂ કરી શકો છો જે ગ્રાહકોને સેવાઓ પ્રદાન કરે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → વેબ ડિઝાઈનર → સિનિયર વેબ ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વેબ ડિઝાઈનર, વેબ ડેવલપર, ફ્રન્ટ-એન્ડ વેબ ડેવલપર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વિજ્ઞાન/મલ્ટીમીડિયા ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સરકારી કોલેજ, રાજમુન્દ્રી, આંધ્રપ્રદેશ
૨. અમરદીપ સિંહ શેરગિલ મેમોરિયલ કોલેજ, મુકંદપુર
૩. સરકારી પોલિટેકનિક, ગાઝિયાબાદ
૪. સરકારી પોલિટેકનિક, લખનૌ
૫. ઇન્સ્ટિટ્યુટ ઓફ કમ્પ્યુટર સાયન્સ, ઉજ્જૈન
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનિકલ ટીચર્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, કોલકાતા
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કોલકાતા
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઇન, મુંબઈ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ડી. પોલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, કેરળ
૨. ડી.કે.ટી.ઈ. સોસાયટીની ટેક્સટાઇલ અને એન્જિનિયરીંગ સંસ્થા, મહારાષ્ટ્ર
૩. હંસરાજ મહિલા મહાવિદ્યાલય, જલંધર
૪. ઈન્ટરનેશનલ એકેડમી ઓફ કમ્પ્યુટર ગ્રાફિક્સ, હૈદરાબાદ
૫. આઈ.સી.એ.ટી. ડિઝાઇન અને મીડિયા કોલેજ, હૈદરાબાદ
૬. લાયલપુર ખાલસા કોલેજ, જલંધર
૭. સ્ટાર એકેડમી, કોલકાતા
૮. એશિયન એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ, પટિયાલા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam.2ac.in/aic20_sp11/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.- નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

**વેબસાઈટ પર જુઓ**

## સાફલ્ય ગાથા

**Chris Coyier,** એક ફ્રન્ટ-એન્ડ વેબ ડેવલપર અને વેબ ડિઝાઈનર હોવાની સાથે સાથે કોડપેનના સહ-સ્થાપક છે જે વપરાશકર્તા દ્વારા બનાવેલ HTML, CSS અને JavaScript કોડ સ્નિપેટ્સનું પરીક્ષણ અને પ્રદર્શન કરવા માટે એક ઑનલાઇન સમુદાય છે. ક્રિસે યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિનમાંથી ગ્રાફિક ડિઝાઇનમાં સ્નાતક થયા. તે હવે શોપટૉક તરીકે ઓળખાતા વેબ ડેવલપમેન્ટ પોડકાસ્ટને સહ-હોસ્ટ કરે છે.*

સ્ત્રોત: https://www.creativebloq.com/web-design/names-every-designer-should-know-11135423

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.